૧.  આ કામમાં કારંજ પો.સ્ટે.ધ્વારા આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.કલમ–૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટ નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે.આરોપી એ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટ માં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨.  સજા બાબતે આરોપીને સાંભળતા.આરોપી નાની વયના છે અને આ પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને તે ગરીબ માણસ છે. ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરી થી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.એ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩.  આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

:: હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ હેઠળ આઈ.પી.સી.કલમ–૨૮૩ ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૨ દિવસની સાદી જેલની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૦/૦૭/૨૦૨૧**
**અમદાવાદ.**

**(બી.આર.રાજપુત)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૫, અમદાવાદ**
**કોડ નં. જીજે૦૦૮૨૬.**